# મોડાસામાં ધોળે દહાડે તસ્કરો દ્વારા ૩ મકાનોમાં લૂંટ



## મોડાસામાં પોલીસની નિષ્ફળ કામગીરીથી નગરજનોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં પોલીસતંત્રની લીરેલીરા ઉડાડતી ઘટનાઓમાં દિન પ્રતિદિન નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં ચોર લૂંટારુ ગેંગ અને તસ્કરો બેખોફ બની લૂંટની ઘટનાને અંજામ આપતા શહેરીજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. સોમવારે ભર બપોરે તસ્કરોએ માલપુર રોડ પર આવેલા ત્રણ રહેણાંક મકાનોને નિશાન બનાવી મકાનોના નકુચા અને દરવાજા તોડી એક લાખથી વધુની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા લૂંટનો ભોગ બનેલા મકાન માલિકો પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

મોડાસાના માલપુર-મેઘરજ ડીપી રોડ પર આવેલી યમુનાનગર સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતીના કિરીટભાઈ ઉપાધ્યાયના ઘરને સોમવારે બપોરે તસ્કરોએ નિશાન બનાવી ઘરના પાછળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી તિજોરી કબાટના નકુચા તોડી તિજોરીમાં રહેલા ૫૦ હાજર રૂપિયા રોકડા અને ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા લૂંટની ઘટનાની જાણ થતા શિક્ષક દંપતી ઘરે દોડી આવ્યું હતું. મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા દોડી આવી ચોરીની ઘટના અંગે તપાસ હાથ ધરી હતી. સતત વાહનોની અવરજવર અને રાહદારીઓથી ધમધમતા વિસ્તારમાં ચોરીની ઘટના બનતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને પોલીસની નિષ્ફળ કામગીરી થઈ તસ્કર ટોળકી બેફામ લૂંટ ચલાવી રહી હોવાનો બળાપો ઠાલવી લૂંટારુ ગેંગને ઝડપી પાડવા માટે ઉગ્ર માંગ કરી હતી. માલપુર રોડ પર સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલી અન્ય એક રિસીડેંસી બંગ્લોઝમાં ૨ મકાનોના દરવાજાના તાળા અને નકુચા તોડી ૫૦ હજારથી વધુની લૂંટ ચલાવતા મોડાસા શહેરમાં ભર બપોરે ત્રણ મકાનોમાં ઘરફોડિયા ગેંગ ત્રાટકી એક લાખથી વધુની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો હતો.



આ તસ્વીરમાં દેખાતા બધા જ મુકબધિર છે, મોડાસામાં યોજાયેલા તેમના સંવેદના સંમેલનમાં કોઈ સુર નહિ, સંગીત નહિ અને આ મૂકબધીરોએ તેમની આગવી કલા રજૂ કરીને ઉપસ્થિત સહુને ડોલાવી દીધા હતા. ઈશ્વરે મૂકબધિર યુવક યુવતીઓને આપેલી વિશિષ્ટ ભેટનું આ નૃત્ય અને કલામાં હૂબહૂ રૂપ સૌએ નિહાળી તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

# થરાદ ઢીમા ડાયવર્ઝન નહીં મુકાતા હાલાકી

## ઠેકઠેકાણે કામગીરી હાથ ધરાઈ પણ વાહનચાલકોને મુશ્કેલીઓ

થરાદ, તા. ૨૯

થરાદ ઢીમા રોડ પર તંત્ર દ્વારા નાળાં બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે નાળાંની કામગીરી હાથ ધરવા છતાં પણ ત્યાંથી વાહનો સલામતીપૂર્ણ પસાર થઈ શકે તે પ્રકારે સાઈડમાં ડાયવર્ઝન નહીં બનાવવાના કારણે નાના મોટા અનેક વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં ઉચપા ગામના જાહેર તથા શનિ-રવિની રજાઓના બનાસકાંઠાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા દર્શનાર્થે અવરજવર કરતા અનેક વાહનચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શનિવારે ટ્રક ફસાતા દ્વિચક્રી વલાહનચાલકો પણ ચાલી શકે તેમ ન હોય અનેક વાહનચાલકોને થરાદ શહેરમાંથી અથવા વાયા વાવ તરફ તો કેટલાકને સાંચોર રોડ પર પાણીની ટાંકી તેમજ જમડા ભોરોલનોના



પાટિયા પાસે બનાવેલા ડાયવર્ઝનની કામગીરી વખતે ટ્રકો સહિત ભારે વાહનો ફસાઈ જવાના બનાવો બનતાં ચાલકોને જેસીબીની મદદ લેવાનો વારો આવ્યો હતો.

જ્યારે અભેપુરા ગામ પાસે ચાર દિવસ પહેલા દારૂ ભરેલુ જીપડાલુ પલ્ટી ખાવા ઉપરાંત શનિવારની સવારના સુમારે એક ટ્રક પણ પલ્ટી ખાતા બચીને ફસાવા પામી હતી. જેને કારણે માર્ગે ફરીને જવાની નોબત આવી હતી. તેમજ આ માર્ગ પર આવેલી શહેરની એમએસ વિદ્યામંદિરની વિદ્યાર્થી બસોને પણ મુશ્કેલીઓનો ભોગવવી પડી હતી. આમ આ કામગીરી ચારથી પાંચ દિવસ ચાલતી હોવા છતાં પણ તંત્ર દ્વારા નાળાં બનાવાની તસ્દી ન લેવાતા સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોમાં ભારે રોષની લાગણી ફેલાવા પામી હતી.

# ડીસામાં લશ્કરી જવાનો અને વિધવા મહિલાઓને મિલ્કતવેરામાંથી મુક્તિ

ડીસા

બનાસકાંઠાની ડીસા નગરપાલિકાએ શહેરમાં વસતા લશ્કરી જવાનો તેમજ વિધવા મહિલાઓને મિલ્કતવેરામાંથી



મુક્તિ આપવાનો આવકાર્ય નિર્ણય લીધો છે. આજે ભાજપશાસિત ડીસા નગરપાલીકાની ત્રિમાસિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં શહેરમાં હાથ ધરાનાર વિકાસના નવા કાર્યોની ચર્ચા કરાઈ હતી. દર ત્રણ માસે ડીસા નગરપાલીકાની સાધારણ સભા બોલાવાય છે અને આ સભામાં શહેરના વિકાસકાર્યોની દરખાસ્ત તેમજ સમીક્ષા કરાય છે. ત્યારે આજે પાલિકાકચેરીના સભાખંડમાં ડીસા નગર પાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને પાલિકાની ત્રિમાસિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભા વર્તમાન પ્રમુખની અંતિમ સાધારણ સભા હોવાના લીધે પ્રમુખ તરફથી નગરજનો માટે કેવી જાહેરાતો કરવામાં આવશે તેની પર સૌની નજર મંડાયેલી હતી.ત્યારે ડીસા નગરપાલિકાના પ્રમુખે પણ તેમના કાર્યકાળની આ અંતિમ સભામાં ડીસા નગરપાલિકા વિસ્તારમાં વસતા આર્મીના જવાનો તથા વિધવા મહિલાઓની મિલકતને મિલકત વેરા માફ કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત પાલિકા દ્વારા બનાવવામાં આવી રહેલા બગીચાના નામ અંગે તેમજ દિવ્યાંગ બિલ્ડીંગ બાબતે પણ ચર્ચા કરાઈ હતી. ડીસા નગરપાલિકા ભારતમાં એવી પ્રથમ નગરપાલિકા બની છે કે જ્યાં લશ્કરના જવાનો તેમજ વિધવા મહિલાઓને મિલકત વેરામાં મુક્તિ આપી હોય તેવું પણ પાલિકાપ્રમુખે જણાવ્યું હતું. ડીસા નગરપાલીકાની સામાન્ય સભા હંમેશા વિવાદિત બનતી હોય છે અને વિપક્ષોના હંગામા વચ્ચે પાલિકાની સભા સંપન્ન થતી હોય છે. જોકે આજે પ્રથમવાર પાલિકાની સાધારણ સભા ગણતરીની મીનીટોમાં શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી અને પાલિકા પ્રમુખ દ્વારા કરવામાં આવેલી તમામ જાહેરાતોને વિપક્ષે પણ આવકારી શાસક બોડીને સમર્થન આપ્યું હતું.

# ઈડર તાલુકાના મોટા કોટડા ગામના ૧૨૦ વર્ષના વયોવૃધ્ધ કુંવરબા દેવલોક પામ્યા

ભિલોડા,તા.૨૯



સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામના રામજીભાઈ મોતીભાઈ પટેલ,દયારજીભાઈ મોતીભાઈ પટેલના માતૃશ્રી ૧૨૦ વર્ષના વયોવૃધ્ધ કુંવરબા મોતીભાઈ પટેલ તા.૨૯/૧/૨૦૧૮ ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે.

સદ્ગતની અંતીમ યાત્રામાં અનેક લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. મોટા કોટડા ગામના સામાજીક કાર્યકર કેશુભાઈ પટેલએ જણાવ્યું હતું કે કુંવરબા ૧૨૦ વર્ષની વયે તંદુરસ્ત જીવન જીવતા હતા.મોટા કોટડા ગામના સૌથી મોટામાં મોટા કુંવરબા દેવલોક પામતાં શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી.

# પ્રાંતિજ-સલાલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરીનો વિદાય સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ- સલાલ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા ચંદુભાઈ પટેલ સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાના કારણે નિવૃત થતા સલાલ વેપારીઓ દ્વારા વિદાય સમારોહ રાખવામાં આવ્યો હતો.

પ્રાંતિજ-સલાલ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સેક્રેટરી તરીકે પોતાની સેવાઓ આપતાં ચંદુભાઈ પટેલ વય મર્યાદાને લઈને નિવૃત થતાં તેમણી નોકરી દરમ્યાન સેવાઓની કદર કરી સલાલ વેપારી એસોસિયેશન દ્વારા સલાલ ખાતે આવેલ શગુન હોટલમાં તેમનો વિદાય સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી વેપારી એસોસિયેશનના પ્રમુખ નારણભાઈ પટેલ, તલોદ બજાર સમિતિના પ્રમુખ સતિષભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં અને નિવૃત થઈ રહેલ ચંદુભાઈ પટેલને શ્રીફળ, શાલ, ફુલહાર પહેરાવીને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી મોમેન્ટો અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમના સગાં સબંધીઓ સહિત ઓફિસ સ્ટાફ વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના ઈન્ચાર્જ સેક્ટર તરીકે શૈલેષભાઈ પટેલને ચાર્જ અપાતાં તેવોએ ચાર્જ સંભળાયો હતો.

# ડીસા શહેરના રાજપુર ખાતે બ્રાન્ચ શાળા નં. ૨ ખાતે પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી

ડીસા, તા. ૨૯

ડીસા શહેરના રાજપુર વિસ્તારમાં આવેલી બ્રાન્ચ શાળા



નં. ૨ (કન્યા શાળા) ખાતે ૬૯માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

રાજપુર વિસ્તારમાં આવેલી બ્રાન્ચ શાળા નં. ૨ (કન્યા શાળા) ખાતે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વહેલી સવારે પ્રભાતફેરી નીકળવામાં આવી હતી અને ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડીસા નગરપાલિકાના નગરસેવક અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની મિતલબેન વિશાલકુમાર ગોહિલના હસ્તે ધ્વજ ફરકાવી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વેશભૂષા ધારણ કરી શાળા પરિસરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડીસા નગરપાલિકાના સદસ્ય મિતલબેન વિશાલકુમાર ગોહિલ, પાલિકા સદસ્ય ગીતાબેન પઢીયાર, રોટરેક્ટ ક્લબ પાલનપુરના પ્રમુખ વિશાલ ગોહિલ, શાળાના આચાર્ય ગૌરવભાઈ પંચાલ સહિત શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરી હતી.



## ચિઠોડામાં વિશ્વકર્મા જન્મ જયંતી ઉજવાઈ

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામમાં વિશ્વકર્મા જન્મજયંતી નિમિત્તે શ્રધ્ધાભેર ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.ચિઠોડા પંચાલ સમાજ ધ્વારા ૨૧ વર્ષથી વિશ્વકર્મા દાદાની જન્મજયંતી મહોત્સવ ભક્તિભાવ પુર્વક ઉજવવામાં આવે છે. પંચાલ સમાજના સામાજીક કાર્યકરો ધ્વારા વિશ્વકર્મા દાદાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પંચાલ સમાજના ભાવિક ભક્તો ધ્વારા શોભાયાત્રામાં અબીલ-ગુલાલની છોળો ઉડાડી હતી.

## થરામાંથી રેતી ભરેલા ત્રણ ડમ્પર ઝડપાયા

થરાદમાંથી રોયલ્ટીની ચોરી કરીને આવી રહેલા રેત ભરેલા ત્રણ ડમ્પર ઝડપાયા હતા. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરની સુચનાથી બેફામ દોડતાં ડમ્પર સામે કાર્યવાહી બુધવારે થરાદ ડીસાના માર્ગો પરથી બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલીપ રાણા દ્વારા પુરઝડપે અને બેફામ દોડી રહેલા છ રેત ભરેલા રોયલ્ટીભર્યા વગરના ડમ્પર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.





બાયડ ખાતે શ્રી વીરમાયા વણકર સમાજ સમિતિ ૪૭ ગામ સ્વયંસાથીના સહયોગથી યુવા સંગઠ્ઠન દ્વારા સમાજદર્શન એકતા યાત્રા અને વ્યસનમુક્તિ જાગૃતિ અર્થે બાઈકરેલીનું પ્રસ્થાન બાયડના વીરમાયા ભવન ખાતેથી રાષ્ટ્રીય હીત રક્ષક દળના અધ્યક્ષ હસમુખ સકસેના, ડી.ડી. મકવાણા, એમ.પી. પરમાર, દેવચંદભાઈ, નરેશચંદ્ર પરમાર, મંગળસિંહ ઉપસ્થિત રહી રેલીને લીલી ઝંડી આપી હતી અને સમાજ એક થાય તે માટે યુવાનોની બાઈક રેલીની સરાહના કરી હતી.

## મંત્રી ઈશ્વરભાઈ પરમારે અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા

પાલનપુર, તા. ૨૯

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા જિલ્લાના પ્રભારીમંત્રી ઈશ્વરભાઈ પરમારે પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે મિડીયા સાથેની મુલાકાતમાં મંત્રીએ જણાવ્યું કે પાટણમાં વીર મેઘમાયાના દર્શન કરી બે દિવસ બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસ કર્યો છે. તેમણે કહ્યું કે માતાજી પર અપાર શ્રધ્ધા હોવાથી માતાજીના દર્શન માટે અનેકવાર પરિવાર સાથે આવ્યો છુ અને પ્રભારી મંત્રીની જવાબદારી મળતાં મા અંબાના દર્શને આવ્યો છું. તેમણે જણાવ્યું કે અંબાજી તીર્થસ્થાન કરોડો માઈભક્તોની આસ્થા અને ભક્તિનું પવિત્ર યાત્રાધામ છે. માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવું છું.

## શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ હિંમતનગર, જિ. સાબરકાંઠાનો જિલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ જજશ્રી સાબરકાંઠાએ સંસ્થા તરફે કરેલ હુકમ

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ હિંમતનગર, જી. સાબરકાંઠાની નોંધણી નંબર એફ/૨૦૭/સાબરકાંઠા છે તે કામમાં કહેવાતા મંત્રી તરીકે દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરીએ તા. ૧૭/૮/૨૦૦૩ની કહેવાતી ટ્રસ્ટની સામાન્ય સભાના અનુસંધાને મે. મદદનીશ ચેરીટી કમિશનરશ્રી હિંમતનગર સમક્ષ નવીન કારોબારીની વરણીના અનુસંધાને ફેરફાર રીપોર્ટ નં. ૨૮૯/૨૦૦૩ દાખલ કરેલ હતો તે ફેરફાર રીપોર્ટ ચાલી જતાં મે. મદદનીશ ચેરીટી કમિશનરશ્રી સાબરકાંઠાએ તા. ૩૦/૫/૨૦૧૨ના હુકમ કરી નામંજુર કરેલો હતો. તેના અનુસંધાને તેમણે મે. ગુજરાત રાજ્યના ચેરીટી કમિશનરશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ અરજી નં. ૩૬/૨૦૧૨ કરતાં તે અરજી પણ તા. ૨૯/૧૦/૨૦૧૫ના હુકમથી મે. ચેરીટી કમિશનરશ્રી અમદાવાદે રદ કરેલ હતી. અને તેના અનુસંધાને તેમણે મે. ડીસ્ટ્રીક્ટ કોર્ટ હિંમતનગર સમક્ષ દિવાની પરચુરણ અરજી નં. ૧૧૨/૨૦૧૫ દાખલ કરેલ હતી તે અરજી પણ મે. જીલ્લા અદાલત હિંમતનગરે તેમના હુકમ તા. ૧૦/૧/૨૦૧૮ દ્વારા વિવાદીની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.



દિલીપભાઈ ચૌધરી

તેમજ કહેવાતા મંત્રી દિલીપભાઈ મનુસુખભાઈ ચૌધરીએ આ ટ્રસ્ટના પ્રમુખ / ટ્રસ્ટી બાલુભાઈ ફતાજી વાઘેલા અને ઉષાબેન બાલુભાઈ વાઘેલાને ટ્રસ્ટના ટ્રસ્ટી પદેથી દુર કરવાનો દાવા નં. ૬/૨૦૦૮ મે. જિલ્લા અદાલત હિંમતનગર સમક્ષ દાખલ કરેલો તે દાવો પણ સદર નામદાર અદાલતે તા. ૨૯/૧૦/૨૦૧૭થી ડીસમીસ કરી નામંજુર કરેલો છે. આમ ઉપરોક્ત બંને હુકમો મે. જીલ્લા પ્રિન્સીપલ જજ સાહેબશ્રી સાબરકાંઠાએ કરેલ છે. આમ મદદનીશ ચેરીટી કમિશનરશ્રી સાબરકાંઠાએ તેમજ મે. ચેરીટી કમિશનરશ્રી ગુજરાત રાજ્ય અમદાવાદે, નામદાર હાઈકોર્ટે તથા જિલ્લા અદાલત સાબરકાંઠાએ પણ તેઓ આ ટ્રસ્ટના કોઈ મંત્રી કે સામાન્ય સભ્ય રહ્યા નથી જે ઉપરોક્ત હુકમો આધારે ફલીત થઈ જાય છે.

આમ દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી ઉપરોક્ત બંન હુકમો થવાથી ટ્રસ્ટમાં તેઓ કોઈ હકદાર રહેતા નથી તેમજ ચેરીટી કમિશનરશ્રીના ૫૧/૨/૨૦૦૯ તા. ૧૬/૨/૨૦૦૯ના હુકમ તથા ૩૬/૧૨ના આખરી હુકમ આધારે સદર મંડળના કોઈ મંત્રી કે સામાન્ય સભાના સભ્ય રહેલ નથી તેમ છતાં તેઓ અમારી સંસ્થાના ભળતા જ કલરના લેટરપેડ અને સિક્કાઓનો બિન હકે ઉપયોગ કરી રહેલ હોઈ હવે પછી ખાતાના જેતે અધિકારીશ્રીઓને વિનંતી સાથે જણાવવામાં આવે છે કે આ સંસ્થાના વિવાદીઓ અમારા જ ભાણાઓ વગેરેની સંસ્થાઓની ગ્રાન્ટો કે અન્ય વ્યવહાર નહિ કરવા લેખિતમાં જણાવવામાં આવે છે.

આ કેસમાં વિદ્વાન વકીલશ્રી એમ. આર. સોલંકી તથા સાબરકાંઠા જિલ્લાના પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ જજશ્રી મે. ગુજરાથી સાહેબશ્રીનો પણ આ સંસ્થા વતી આભાર માનવામાં આવે છે.

**સ્થળ : હિંમતનગર**
**તા. ૧૫/૧/૨૦૧૮**

**પ્રમુખશ્રી**
**બાલુભાઈ એફ. વાઘેલા**
**શ્રીવિમુક્ત જાતિ કલ્યાણ મંડળ**
**મહેતાપુરા, હિંમતનગર**
**મો. ૯૮૨૫૨ ૯૯૯૫૪**